# નાટક : કૃષ્ણાશ્રય

- અસિત શાહ.

સવારનો સમય છે. લહેરીલાલા ટ્રાવેલ્સની ભાડાની એક ટાટા સુમોમાં ડ્રાઈવરસહિત સાત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો વારાણસીથી અડેલ જઈ રહ્યા છે.

વજુ.: આમ બધા ચૂપચાપ બેઠી રહ્યા તો અડેલ પુગવા હુધીમાં કંટાળી જાશું. થોડી વાત્યું કરતાં જઈએ. નહીં તો અટાણે આંયની ગરમી ને રસ્તા મારી પાડશે બાપલા. હું જ શરૂ કરું. મારું નામ વજુભાઈ વસાણી. મૂળ હાલારના પણ રૂપિયા હાટું હડી કાઢતાં અમારા બાપુજી રાજકોટ હુધી પૂગી ગ્યા, તે અમે ય હંધા ય ભાઈયું રાજકોટમાં જ છીએ. ઉંમર થતાં મારાથી હવે દુકાને ન બેહાણું તે દીકરાવ કહે કે બાપા મોટી જાત્રા નહીં તો બનારસ તો ફરી આવો. તે આંય આવ્યો છું.

ઉદ્યમ: હું ઉદ્યમ પચરંગી, જન્મ્યો ત્યારથી મુંબઈમાં જ છું. નાસિકમાં અમારી ફુડ પ્રોડક્ટ્સની ફેક્ટરી છે. હાલ આ બાજુના ક્લાયન્ટને એટેન્ડ કરવા બનારસ આવેલ છું. મારી સાથે આ મારા બે એન.આર.આઈ ગુરુભાઈઓ પણ છે.

એશ: હું એશ પટેલ, આઈ મીન અંબરીશ પટેલ. લંડનમાં સ્થાયી થયેલ છું. હાલ એક લગ્નપ્રસંગે ઈન્ડિયા આવેલ છું.

મેક: અને હું મનુકાન્ત શાહ, ઈન શોર્ટ મેક શાહ. ન્યુ જર્સીથી પેરન્ટ્સની ખબર કાઢવા ઈન્ડિયા આવ્યો છું.

રતન: હું રટન જરીવાલા. હુરટથી આંય આયો છું સાડીઓ લેઈને. બધો માલ હજુ વેચાયો નથી ટાં હુરટ પાછા તો ની જવાય એટલે બે દહાડા ફરવા નેકર્યો છું.

અમુ.: હું અમુભાઈ ઉર્ફે અમથાલાલ પંચાતિયા અમદાવાદથી આયો છું. આવો આ ટ્રાવેલ્સવાળો મને ચાર ધામની જાત્રામાં લઈ ગયેલો તે ભેળા બનારસ મફત ફેરવવાનો છે.

વજુ.: ડ્રાઈવરબાપુ તમે કાં ચૂપ બેઠો છો?

સુખી.: હું સુખીરામ વ્યાસ. પ્રયાગમાં રહું છું. ડ્રાઈવર કહો તો ડ્રાઈવર ને ગાઈડ કહો તો ગાઈડ છું. રોજનો એક ફેરો નક્કી હોય છે મારો બનારસનો. અઠવાડિયે એકાદ વાર અડેલ જવાનું થાય.

વજુ.: ત્યારે તો કુંભમેળામાં બહુ હડી કાઢવી પડતી હશે.

સુખી.: અરે વાત ન પૂછો.

ઉદ્યમ: ગયે વર્ષે નાસિકમાં ય કુંભમેળો હતો. આ વર્ષે ઉજ્જૈનમાં અર્ધકુંભમેળો હતો. નાસિકમાં તો હું એક શાહીસ્નાન વખતે ગયેલો પણ ખરો. ભીડનો કોઈ પાર નહીં.

વજુ.: પણ મારા હાળા નાગાબાવાઓ! નશો કરીને હાથીની જેમ ચાલે હોં. વાંહે પોલીસું ગમે એટલી સીટીયું મારે પણ નાગાબાવા કોનું નામ!

રતન: નાસિક તો અમેય હુરટથી બસ કરીને અઠવાડિયું ગ્યેલા. ટાં અમારા હુરટવારા મહારાજે મોટ્ટું વલ્લભાચાર્ય નગર બનાવેલું તે હાવ ખાલીખમ રહેત અમે ના જાત તો. તે મહારાજે અમને કોલ કર્યો કે ટાંથી બધા બસ કરીને આંય આવોની. તો અમે ગ્યેલા. ટાં તો સોમયાગ ને શોભાયાત્રા ને ભાગવતસપ્તાહને કાંઈનું કાંઈ ચાઈલા જ કરે આખો ડિવસ.

ઉદ્યમ: પણ આ વખતે બે બે વલ્લભાચાર્ય નગર હતા. ઉજ્જૈનમાં ય એવું જ થયું. આપસી વિખવાદમાં બે કેમ્પવાળા એકબીજા પર કાદવ ઉછાળે. સરવાળે સંપ્રદાય ખરડાય.

સુખી.: સાચું કહું તો કુંભના ચારે સ્થળો પ્રયાગ-નાસિક-હરિદ્વાર-ઉજ્જૈનમાં સ્થાનિક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો ગણ્યાગાંઠ્યા જ છે. તેમાં વળી હુંસાતુંસી થાય તો ગોકુળ નાનું ગાયો ઓછી ને ગોવાળિયા ઝાઝા જેવો ઘાટ થાય છે એમ મેં નજરે જોયેલ અનુભવેલ છે.

મેક: યુ.એસ.માં તો મોટી મોટી કંપનીઓ પણ મર્જર-એક્વીઝીશન-જોઈન્ટ વેન્ચર્સમાં માને છે કોસ્ટ રીડક્શન કરવા.

એશ: લંડનમાં ય પવિત્રાબારસને દિવસે પવિત્રા ધરાવવા જે એવરેજ સોળ-સત્તર મહારાજો અવેલેબલ હોય તે એક હોલમાં એક સ્ટેજ પર લાઈનમાં ગોઠવાઈ જાય છે અને વૈષ્ણવો એક જ લોકેશન પર બધાને એટેન્ડ કરી લે છે.

અમુ.: પણ અહીં એવા એ મહારાજોને ક્યાં ગાંઠના ખરચવાના હોય છે? બધું બારોબાર વેપારી ચેલાઓથી આંટે છે. ત્યાં તો શું છે કે પાઉન્ડ=૭૦-૭૫ રૂપિયા ખરા ને! મહારાજો ભલે એ ના એ જ ત્યાં પધારતા હોય પણ દેશ બદલતા વેશ બદલી લેતા હશે!

સુખી.: હું તો સીધો એક સવાલ પૂછું. છેલ્લા દસેક કુંભમેળામાં એક કે હવે બે-બે વલ્લભાચાર્યનગરના ઠઠારા છતાં એક પુષ્ટિમાર્ગીય અખાડો બને એટલા ય નાગાબાવા પુષ્ટિમાર્ગમાં આવ્યા ખરા? અરે આખો અખાડો નહીં તો સમ ખાવા પૂરતો એકે ય નાગાબાવો શરણે આવ્યો? ખોટા દેખાડા છે બધા પોલા.

અમુ.: અહીં પુષ્ટિમાર્ગમાં જાણેલા ને ઘાલેલા છે એટલા ચેલા તો હચવાતા નથી ત્યાં નાગાબાવાની ક્યાં મા પૈણાવો છો? નાગાને તો નહાવાનું શું ને નીચોવવાનું શું પણ ભૂલેચૂકે એક નાગોબાવો ચેલો થઈ મહારાજ પાંહે બેહી રહે તો આ બધી બાયડીઓને તેમના ભાયડા આવવા દેશે ખરા મહારાજને ત્યાં? વાત કરો છો.

ઉદ્યમ: ઉજ્જૈનના ટી.વી. રીપોર્ટ જોતાં તો લાગ્યું કે ઉલટી ગંગા વહેશે; પોતાને સર્વોપરી નાગાવલ્લભાચાર્ય સિધ્ધ કરવા મહારાજો નાગાબાવાના ચેલા થઈ એક દિવસ સ્વયં નાગાબાવા બની એક અખાડામાં આપસમાં કુસ્તી કરતા દર્શન આપશે!

અમુ.: તે ય વગર મનોરથીએ સાવ મફત!

સુખી.: ને ભેગા સંપ્રદાયની આબરૂના કાંકરા કરશે! લેને ગઈ પૂત ખો આઈ ખસમ જેવો ઘાટ છે!

સુખી.: અમે પ્રયાગમાં રહેનારાઓ તો કોઈ નાગાબાવાઓથી અંજાતા નથી, તમે બહારગામવાળાઓ જ પ્રભાવિત થાઓ છો. કેમકે અમને ખબર છે કે એમાંના ઘણાખરા ભાડૂતી કામચલાઉ હોય છે, કાયમી સંનિષ્ઠ નહીં. વાટખર્ચી, ખાધાખોરાકી ને થોડી કમાણીના લોભે જોડાઈ જાય કુંભ વખતે અખાડાઓમાં. ડુંગરા દૂરથી રળિયામણા લાગે તેવું છે. બધા તીર્થસ્થાનોમાં કાંઈક ને કાંઈક ગોરખધંધા ચાલતા હોય છે.

મેક: ફક્ત ઓરીજિનલમાં જ નહીં, ડુપ્લીકેટમાં ય. યુ.એસ.માં ન્યુ વ્રજ બનાવ્યું છે ત્યાં ય કોમર્શિયલ રેકેટ ચાલે છે.

રતન: ને આણંદ આગલ તો મિની ગિરિરાજજી બનાવવા લાયગા છ.

વજુ.: ને અમારા કાઠિયાવાડમાં તો નિકુંજ ને ગિરિકંદરાની ઝાંખીઓ કરાવાય છે. અડધી કલાકમાં તો બધું સમેટીને રસાલો બીજે ય પૂગી જાય હોં!

ઉદ્યમ: વચ્ચે તો મહાપ્રભુજીના ફોલ્ડીંગ થર્મોકોલ ૮૪ બેઠકોનું પ્રદર્શન ગામેગામ ફરતું હતું! અસલમાં લોકોની તીર્થો પ્રત્યેની શ્રધ્ધાને વટાવી ખાવાની વાત છે.

સુખી.: જોવાનું એ છે કે શ્રીમહાપ્રભુજીની કહેણી ને કરણીમાં શું છે? આપશ્રી તો સ્પષ્ટ કહે છે કૃષ્ણાશ્રયમાં કે એ જમાનામાં ય તીર્થો દુષ્ટોથી આવૃત્ત થતાં તેમના અધિદેવો તિરોહિત થઈ ગયા છે. ને તે સિવાયના સામાન્ય પ્રદેશો પણ મ્લેચ્છોથી ઘેરાઈ પાપના જ આશ્રયસ્થાન થઈ ગયા છે. તીર્થનો આશ્રય કરવો હોત તો આપશ્રી અડેલ ન બિરાજી પ્રયાગમાં જ મુકામ કરત. પુષ્ટિમાર્ગ તો એ છે કે તીર્થોમાં પુષ્ટિભક્તો જતાં તીર્થ પાવન થઈ જાય. ગંગા ભગવદીય રુક્મિણીને પામી ધન્ય થાય! વળી જ્યાં ભગવાન કે ભગવદીય વાસ કરે તે સ્થળ સ્વયં તીર્થોપમ થઈ જાય. વ્રજ કે બધી બેઠકો કાંઈ તીર્થસ્થલો નહોતા; પુષ્ટિપ્રભુ ને મહાપ્રભુ ત્યાં વાસ કરે છે તેથી તીર્થાધિક કે તીર્થવત્ છે. જન્માષ્ટમીને દિવસે પુષ્ટિમાર્ગી શું નાસિકના કુંભમેળામાં ભટકતો હોય! ને ઉત્સવો ઘરે મનાવી તે સિવાયના દિવસોમાં તીર્થમાં જવું તો ય પિકનિક કરવા નહીં પણ સાત્વિક થઈ ભગવાનનું અનુસંધાન રાખી.

મેક: આ તો મિલેનિયમ વ્રજયાત્રા કાઢેલી તેમાં ટેન્ટની બહાર ખાલી દારૂની બાટલીઓ જોવા મળતી સવારે! યાત્રાના ચાલીસ દિવસ પૂરતું ય કોઈ વ્રત નથી પાળતા. ઉલટાનું કોલેજિયન્સ છોકરાઓ જેમ ગ્રુપમાં હોય તેમ વધારે તાનમાં આવી જાય તેવી રીતે યાત્રામાં લોકો વધારે બેફામ થઈ જતા હોય છે!

ઉદ્યમ: તીર્થ આવા પાપીઓના પાપ ધોવાના ચક્કરમાં પોતે મલીન થઈ જાય છે.

અમુ.: લોકો કાંઈ મલાજો જાળવે છે ખરા? અમારે અમદાવાદમાં તો સ્મશાનની બહાર જ ચા ને ગરમાગરમ ભજિયાની જ્યાફત ડાઘુઓ ઉડાવતા હોય છે બધું રાખ થાય ત્યાં સુધી!

રતન: તે હેં સુખીરામભાઈ. આ કુંભમેળામાં સોમયાગ કરવાનું શું માહાત્મ્ય છે? અમે તો નાસિકમાં જોયલા પણ કાંઈ હમજ્યો ની.

ઉદ્યમ: ને ત્યારે તો ચાતુર્માસ ચાલતા હતા. તો દેવશયની એકાદશી પછી કાંઈ યાગ કરાય ખરા?

એશ: એક સોમયાગ તો લંડનમાં ય થયેલો. તે અહીંથી ઘડાઓ ભરીભરીને જલ મંગાવેલું કાર્ગો પ્લેનમાં!

સુખી.: જે કર્મ ને વ્રત કરવાના કીધા છે શ્રીમહાપ્રભુજીએ તે કરવા નથી ને ન કરવાના કામો કર્યે જાય છે. એકાદશી ને જયંતીઓએ ઉપવાસ કરવાનું કીધેલ છે તે પાળતા નથી, કાંદા-લસણ છૂટતા નથી, એક માત્ર કર્મ કૃષ્ણસેવા છે તે ય કરતા ચૂંક આવે છે. ને સોમયાગ દીધે જાય છે. યોગ્ય દેશ-કાળ-પ્રયોજન-અધિકારી-દ્રવ્યાદિના અભાવે કરેલ વૈદિક કર્મો વ્યર્થ જ છે.

રતન: ટાં તો એમ કહેતા હતા કે સો સોમયાગ થશે તો પાછા મહાપ્રભુજી પ્રગટ થશે!

વજુ.: શ્રીમદ્વલ્લભનામધેય-સદશો ભાવિ ન ભૂતોઽસ્ત્યપિ. એક પારસમણિ જેવા સાન્નિધ્યમાત્રદત્તશ્રીકૃષ્ણપ્રેમા મહાપ્રભુજી તો મહારાજોને માફક નથી આવતા ત્યાં બીજા પ્રકટીને શું ઉકાળવાના?

અમુ.: અરે બીજા મહાપ્રભુજી તો હજી ય ઠીક પણ તેમના વંશજોનું શું! તેઓ કુંભમેળામાં સાચા વલ્લભવંશજ હોવાનો દાવો કરશે તો આ વલ્લભકુલ ક્યાં જશે?

વજુ.: છાલ છોડોને બાપડા મહાપ્રભુજીની. બહુ ચર્ચા એમના નામે બાપલા!

રતન: અમારા હુરટમાં તાપી ને ભરૂચમાં નર્મદાને કિનારે કન્યાઓ કાત્યાયનીવ્રત કર છ તે કરાય સુખીરામભાઈ?
વજુ.: કન્યાઓ ભેગી પૈણેલીઓય હવે તો કરે છે!
અમુ.: તે એકવાર પૈણે ધરાઈ નહીં હોય એ તો!
સુખી.: સો વાતની એક વાત. કૃષ્ણાશ્રયમાં મહાપ્રભુજી કહે છે કે એ જમાનામાં જ આવા વાદવિવાદોને કારણે સર્વ કર્મો ને વ્રતો નષ્ટપ્રાય થઈ પાખંડથી જ કેવળ પ્રેરિત થઈ રહેલ છે. તેનાથી કશો દહાડો વળવાનો નથી. સ્વધર્મ તરીકે ઉપદેશેલ કર્મો ને વ્રતો યથાશક્તિ અવશ્ય કરવા પણ તેને આશરે ન રહેવું.
વજુ.: તે સિવાય અમારે રાજકોટમાં તો એક મહારાજ દોરા-ધાગા-તાવીજ-માદળિયા આપવા લગી પૂગી ગ્યા છે બોલો! એમની વાંહે બીજાઓ ય જોતરાયા છે.
રતન: અમારા ગુજરાત બાજુ ટો આવા મહારાજોના રવાડે ચઢાવેલા લોકો નવ ગ્રહો નડટા હોય ટો નવરટનના પાઠ કે મહાપ્રભુજી-ગુસાંઈજી-સાત બાળકોના નામના જાપ કરવા લાયગા છ. કોઈ વળી નંગની વીંટી પહેરે છે ટો કોઈ કોઈને ટો મહારાજો નંગની વીંટી ટેમને ભેટ ધરવાનું કેઈ છે!
ઉદ્યમ: અમારે મુંબઈમાં આવા ધતિંગ થોડા ઓછા પણ તો ય લોકો અમેરિકાના વીસા મળે માટે સર્વોત્તમસ્તોત્રના કે વર મળે માટે યમુનાષ્ટકના ૧૦૮ પાઠ કરતા હોય છે!
સુખી.: મહાપ્રભુજી તો કૃષ્ણાશ્રયમાં ચોખ્ખું કહે છે જ કે મંત્રના પરિજ્ઞાન અને વ્રતયોગના અભાવમાં તેના અર્થરૂપ દેવો પ્રકટ જ થતાં નથી. પરિજ્ઞાન એટલે મંત્રના અધિકારી-આરાધ્ય-પ્રયોજન-અર્થ આદિનું જ્ઞાન. વ્રતયોગ એટલે મંત્રજાપ કરવા યોગ્ય બાહ્ય અને આંતર શુધ્ધિ સમ્પાદન કરવી. બધું સાંગોપાંગ કરીએ તો જ જે બતાવેલ ફલ છે તે સિધ્ધ થાય. મન ફાવે તેમ મંત્રો જપવાથી કાંઈ દહાડો ન વળે.
અમુ.: આપણી બ્રહ્મસંબંધમંત્રદીક્ષાના જ હાલ જુઓને! ૮૦ ટકા લોકો તો તેનો ભ્રમસંબંધ ઉચ્ચાર કરે છે. પૂરો મંત્ર તો મોટા ભાગના કહેવાતા વૈષ્ણવો ને કેટલાક તો આપનારા એવા એ મહારાજોને ય યાદ હોતો નથી. તેનો અર્થ લગભગ નથી આવડતો હોતો. બ્રહ્મસંબંધ લઈને કૃષ્ણસેવા કરનારા તો જૂજ જ હોય છે. જથ્થાબંધ લોકોને એકસાથે માઈક પર બ્રહ્મસંબંધ આપવામાં કોણે ઉપવાસ કર્યો કે અપરસમાં છે કે નહીં તે ય કોઈને જોવાની ફુરસદ હોતી નથી તો માર્ગરુચિની મા ક્યાં પૈણાવવાની વાતો કરવી? લેનારા ય મૂર્ખાઓ એમ માનીને લીધે જાય છે કે જાણે વૈકુંઠ કે ગોલોકનો વીસા મળી ગયો!
ઉદ્યમ: મારો ૭ વરસનો બાબો પહેલા ધોરણમાં ઈન્ગલિશમાં ભણે છે તે બુકના પહેલા પાને પ્રતિજ્ઞા હોય છે ને, ઈન્ડિયા ઈઝ માય કન્ટ્રીવાળી, તે આખી કડકડાટ બોલી જાય છે. ને તેનો અર્થ પણ તેને આવડે છે. આપણે પુષ્ટિમાર્ગીઓ તેનાથી ય ખાડે ગયેલા છીએ!
રતન: અસલમાં માલદાર ચેલાઓ મૂંડવાની કોમ્પીટીશનમાં વાટ લાગી જાય છે. અમારા હુરટમાં ટો એકવાર હુરટના મહારાજે જેમને બ્રહ્મસંબંધ આપેલું તે વૈષ્ણવોને તેમના મૂળ ગામના મહારાજે પાછું બ્રહ્મસંબંધ લેવડાવ્યું. એ કહે કે ગોલોકમાં તમને દરવાજે જ રોકી દેશે ને અંદર જ કોઈ ઘુસવા નહીં દે! તમારા બાપદાદા અમારા બાપદાદાથી બ્રહ્મસંબંધ લેતા હતા તેથી તમે અમારી જ સૃષ્ટિના છો. તો અમે જ તમને ગોલોકવાસી કરી શકીએ! દરેકથી ૧૧ રૂપિયા લીધા!
વજુ.: ને અમારે કાઠિયાવાડમાં તો મહારાજો પોતાને જ પરસોતમમાં ખપાવે છે! તેમને ભેટ ધર્યું કે સમર્પણ કર્યું તે બારોબાર પહોંચી જ ગયું, ગોલોક બોલોકની કંઈ ભાંજગડ જ નહીં!
અમુ.: તે એમને જોઈ કેટલાક કહેવાતા પ.ભ. કે શાસ્ત્રીઓ છાનેછપને તો એક નવા શાસ્ત્રી તો છાપામાં ખુલ્લેઆમ બેધડક જાહેરાત આપી બ્રહ્મસંબંધ આપવા માંડ્યા છે!
વજુ.: ને અમારી બાજુ તો કેટલાક ઠગ લોકો પોતાને મહારાજ તરીકે ખપાવી ગામેગામ પધરામણીઓ કરી ભોળા અજ્ઞાની લોકોને ઠગી પોબારા ગણી જાય છે હાહરીનાઓ!
મેક: લાસ્ટ યર એક અમદાવાદથી શાસ્ત્રી યુ.એસ. આવેલો તેણે ય પોતાને મહારાજ બતાવેલ ને ભેટ બેટ તો ઠીક પણ બૈરાઓ પરે ય ચઢી બેઠેલો, બોલો!
ઉદ્યમ: મને તો લાગે છે કે મહારાજો પોતે બ્રહ્મસંબંધ કરાવવામાં કર્તા હોવાનું મિથ્યા અભિમાન રાખે છે. મૂળ તો જીવ ને પ્રભુ એકબીજાનો સંબંધ બાંધે છે. ગુરુ તો ગોરમહારાજ જેવા છે. ઐહિક પારલૌકિક સર્વસ્વસમર્પણપૂર્વક કૃષ્ણાર્થી થવાની પ્રતિજ્ઞા તો જીવ લે છે, મહારાજને તો ગાંઠનો ટકો ય ભેટ ધરવાનો નથી હોતો જીવનું બ્રહ્મસંબંધ કરાવતી ઘડીએ. વળી તે જીવનો અંગીકાર પણ પુષ્ટિપ્રભુ શ્રીઠાકોરજી કરે છે, ગુરુમહારાજ નહીં. એટલું ખરું કે ગોરમહારાજ કરતાં દીક્ષાદાતા ગુરુને વધારે જવાબદારીપૂર્વક જીવનભર માર્ગદર્શન આપવાનું રહે છે, પણ તે તો આજકાલ અપવાદરૂપે જ હોય છે. નાનપણમાં બ્રહ્મસંબંધ લેનારાને તો તેમના દીક્ષાદાતા ગુરુ કોણ એ ય યાદ નથી હોતું, ને મહારાજો ય તેમના ચેલા સામે ઊભા હોય તો ય ઓળખી શકે એટલા ઢીલમાં બ્રહ્મસંબંધ આપ્યે જતા હોય છે!
સુખી.: સો વાતની એક વાત. મહારાજોને બ્રહ્મસંબંધકર્તા હોવાનો ફાંકો હોય તો ય કર્તા અહંકારવિમૂઢ, પાપાનુવર્તી

અને લાભપૂજાર્થયત્નપરાયણ થાય તો પોતાનો કે બીજાનો શું ઉધ્ધાર કરી શકે? નિબંધમાં મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે આ બધા મહામોહ ને જાત સાથે છેતરપીંડી છે. કૃષ્ણભજન ન કર્યું તો શાસ્ત્રજ્ઞ ને મોટા મોટા યાગાદિ કર્મો કે ભવ્ય મનોરથોના આયોજકો કે ભાગવતસપ્તાહના કર્તા હોવા છતાં ય દુષ્કર્મવશાત્ ભવસાગરમાં જ અટવાવું અટલ છે.

એશ: થોડું એવું છે કે બીજા માર્ગવાળાઓને જોઈને મહારાજોને બધું ગ્રાન્ડ અને લાર્જ સ્કેલ પર કરવાનો નશો થઈ ગયો છે. વરસના બે-ચાર કે દસ-બાર પ્રોગ્રામ કરી ખોટો સંતોષ મેળવી લે છે. નહીં તો સોમયાગ કે મનોરથો કે બ્રહ્મસંબંધદીક્ષા કે ભાગવતનો સ્ટડી ઘેર બેઠા ય થઈ જ શકે ને! વ્રજયાત્રા ય પાંચ-પચીસ ક્લોઝ રીલેટીવ કે એકલા ચોબા સાથે ય કરી જ શકાય. કુંભમેળામાં પુણ્ય કમાવું હોય તો એકલા નાહી ન અવાય?

ઉદ્યમ: કેટલાક મહારાજોને વળી બીજા મહારાજો કે અન્યમાર્ગીય ધર્માચાર્યોની ઈર્ષ્યા કે તેજોદ્વેષ થાય છે. તેના પ્રભાવમાં તેઓ રાજકારણીઓની જેમ એકબીજા પર મારણપ્રયોગો ય કરાવે છે. કોઈ વળી શક્તિપાત કરાવે છે તો કોઈ સાંઈબાબાને ચાદર ચઢાવે છે. કેટલાક છાનેછપને અન્યાશ્રય કરે છે તો કોઈ ખુલ્લેઆમ કરી સાથોસાથ ચેલાઓને પણ એમ કહી ગેરમાર્ગે દોરે છે કે શુધ્ધાદ્વૈતમાં તો બધું બ્રહ્મ જ છે તો અન્ય હોય તો અન્યાશ્રય થાય ને!

સુખી.: પણ શુધ્ધાદ્વૈતમાર્તણ્ડ મહાપ્રભુજી કૃષ્ણાશ્રયમાં પૂર્ણાનંદ હરિનો આશ્રય રાખી પ્રાકૃત દેવો અને અક્ષરબ્રહ્મનો પણ આધાર ન લેવાનું કહે છે તે મૂર્ખા છે કાંઈ! વાત કરો છો.

મેક: કોઈ વળી ઠાકોરજીથી કામનાપૂર્તિની અપેક્ષા રાખી ભક્તિ કરવી ક્ષમ્ય ગણે છે. તો કોઈ તુલસીજી આદિના પણ કાંઈ કાંઈ સાયન્ટીફિક અજબગજબ માહાત્મ્યો બતાવે છે. મને ખાનગીમાં એક મહારાજ યુ.એસ. આવેલા તે કહેતા હતા કે અસલમાં અપીલિંગ હોય તેને જ લોકો ફોલો કરે છે. અને તેમના મતે નિત્યનિયમથી સાદાઈથી કૃષ્ણસેવા કે સત્સંગ કરવા તે આધુનિક લોકોને અપીલ નથી કરતા. તેઓ તેથી જ રજનીશ વગેરે વાંચવા મંડ્યા છે. ખેચરયોગ કે લામાઓની મેડિટેશન પ્રોસેસમાં ય તેમને ઈન્ટરેસ્ટ હતો. હવે આવું બધું જ ભવિષ્યમાં પુષ્ટિમાર્ગના બેનર નીચે પ્રોમોટ કરવાની તેમની ઈચ્છા હતી.

સુખી.: પણ જ્યારે સવા પાંચસો વર્ષ પહેલા મહાપ્રભુજી કહેતા હોય કે ઉધ્ધારના બીજા બધા માર્ગો કલિયુગના પ્રભાવમાં નષ્ટ થઈ ચૂક્યા છે ત્યારે આજે કૃષ્ણાશ્રય છોડીને આવી મોડર્ન સાધનાઓ કરવામાં ભટકીને શું હાથમાં આવવાનું?

એશ: ને પોપ્યુલારિટી સ્ટંટ જ કરવા હોય તો પુષ્ટિમાર્ગનો મુખવટો પહેરી મહાપ્રભુજીના નામ પર શા માટે? રજનીશની જેમ પોતાના નામે ને નવા માર્ગ તરીકે કહો ને. જેને અપીલ કરશે તેને કરશે. પુષ્ટિમાર્ગમાં તો કન્ફ્યૂઝન નહીં થાય કમસે કમ. હેલ્થસાયન્સ એમે ય કેવળ બુઢ્ઢા-બુઢ્ઢીઓને જ અપીલ કરતું હોય છે!

અમુ.: પાંણ મૂળ તો તેવો માર્ગ ભગવાનને અપીલ કરશે કે કેમ તે વિચારવાનું છે. બાયડીને રાંધવામાં આળસ આવતી હોય તો હોટલોમાં ચરવું અપીલ કરે પાંણ ભાયડો રોજ બહાર જમાડે ખરો? જો ભગવાનને ભરોસે ઉધ્ધાર થવાનો હોય તો જે કામ ભગવાનને અપીલ કરે તે જ કરવું રહ્યું.

સુખી.: લો આપણે અડેલ આવી ગયા. હું તો સહુ પુષ્ટિમાર્ગીય પ્રવાસીઓને કહું છું કે પુષ્ટિમાર્ગ સમજવો હોય તો અડેલ આવો. અહીં શ્રીમહાપ્રભુજીએ જીવનનો ઉત્તરાર્ધ, શ્રીગુસાંઈજીએ પૂર્વાર્ધ તો શ્રીગોપીનાથજીએ તો સમગ્ર જીવન વ્યતીત કર્યું છે. તો ય અહીં શાંતિ ને એકાંતનું જ સામ્રાજ્ય છે. નથી કોઈ જગદ્ગુરુ કે પીઠાધીશ હોવાના ઠાઠમાઠ કે નથી ભીડભાડ કે નાગાબાવાનો અખાડો. ઘર પણ સાદું જ છે. ગોકુલમાં સતઘરા જઈને જુઓ તો ત્યાં ય કોઈ જાહોજલાલી નથી. તીર્થની ચહલપહલ અહીં સામે પાર પ્રયાગમાં છે. છતાં ય મને પ્રયાગવાસીને ય પૂછો તો અડેલ વધુ આકર્ષક છે, જો સાચી સૌંદર્યદૃષ્ટિ હોય તો. અહીં કશું ગ્રાન્ડ નથી, પણ એક સરળ સાત્વિક ગૃહસ્થને અને સાત્વતપતિ પ્રભુને અહીં કશાયની ખોટ ન વર્તાય. બધું સભર છે. અહીં તમને દેશકાલાદિના ઉપદ્રવો કાંઈ નહીં જોવા મળે. બસ આવા નિવાસસ્થળને માણી શકવાની સિફત જોઈએ.

ઉદ્યમ: ને આ જ રીતે પોતાના જે કોઈ જગ્યાએ આવેલ ઘરમાં ય રહેવાની ગુરુ કે અનુયાયીમાં સિફત હોય તો કુંભમેળામાં શોભાયાત્રા કાઢી કે સોમયાગ કરી કયો બીજો પુરુષાર્થ સિધ્ધ થશે? યદિ શ્રીગોકુલાધીશો ધૃતઃ સર્વાત્મના હૃદિ તતઃ કિમપરં બ્રૂહિ લૌકિકૈર્વૈદિકૈરપિ એમ મહાપ્રભુજી કહે છે.

વજુ.: શ્રીવલ્લભાધીશકી જય.

બધા નતમસ્તક થાય છે.

❋ ❋ ❋